# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૦૨ • તા.૨૩ માર્ચ થી ૨૯ માર્ચ ૨૦૨૪

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





# સ્વપ્નથી સાક્ષાત્કારની સફર

## શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ સંચાલિત
## શેઠ રાયચંદ ધરમશી ભવન

# ભૂમિપૂજન સહ, સંયમોદ્ધાર - દીક્ષોત્સવ

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member





# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# સુખ અને દુઃખ એ સ્વભાવની અવસ્થા

સુખ અને દુઃખ જીવનમાં વણાયેલા તત્વો છે. જે એકબીજા સાથે એટલા બધા ગાઢ જોડાયેલા છે. જે કદી કોઈ કાળે કોઈનાથી અલગ પાડી શકાતા નથી. દુઃખ એટલે આપણે આપણા સંબંધો પર રાખેલી અપેક્ષાઓ. જે આપણી કલ્પના મુજબ સાકાર ન થાય એટલે દુઃખ લાગે અને જો અનુકુળ રીતે આપણાને મનગમતી રીતે અપેક્ષાઓ પૂર્ણ થતી જાય એટલે એ સુખને સુખ માત્ર લાગે. અપેક્ષાની શરૂઆત થાય પણ એ ક્યાંય વિરામ ન લે અને અવિરત આગળ વધતી રહે છે. આ લોભને લાલચની અવસ્થા છે. જે ન ક્યાંય વિરામ લે કે ન બે ઘડી જંપવા દે. સામેવાળા જ્યારે આપણી અપેક્ષાની વિરૂધ્ધ કંઈ કરે એટલે આપણે દુઃખી થઈ જઈ એ છીએ. સુખી કે દુઃખી થવાનો આ શોર્ટકટ બીજાની આધારિત છે. એટલે આપણા સુખની કે આપણા દુઃખની ચાવી અન્ય પાસે છે. આ કેવી પરવશ અવસ્થા? કોઈની પર અપેક્ષાની લાગણી રાખવી એ બહુ મોટી જવાબદારી આપણે અન્ય પર રાખી દઈએ છીએ. જે એ બોજ ઉઠાવવા કાબેલ છે, સશક્ત છે એ આપણે જોતા નથી.

અન્ય લોકો આપણી વિષે શું વિચારશે, શું કહેશે એનો વિચાર આપણને માટે અગત્યનો હોય છે. એ જ નજર સમક્ષ રાખી આપણો વ્યવહાર થાય છે. જે ચિંતા કે ખુશીનો કારણ બને છે. લોકો આપણા વિષે શું વિચારતા હશે એનાથી આપણને ઘણો ફરક પડે છે. જ્યારથી આ આધારભૂત હકીકત બદલાશે ત્યારે આપણા દુઃખી થવાનો અડધો ભાગ ઓછો થઈ જશે. આપણા દુઃખનું અન્ય એક મુખ્ય કારણ એ છે કે આપણે કોઈને માફ નથી કરતા. જેણે કર્યું, જે કહ્યું કે જેણે કર્મ આચર્યું એ ભૂલીને આપણે વિશાળ મન રાખી, ઉદારતાપૂર્વક એને વિસારે પાડી દઈએ. સામેવાળો માફી માંગે કે ન માંગે આપણે સફેદ ઝંડી ઊંચી કરી સુલેહતાપૂર્વક વ્યવહાર રાખીએ. આ સંબંધ સુધરવાનો પ્રથમ સોપાન થઈ રહેશે.

આપણી હેસીયત સુખને બરાબર ઝીલીને તેને આવકારીએ છીએ. તેને ખભે ઊંચકીને સડસડાટ દોટ કાઢીએ છીએ. પણ નજીવા જેવા દુઃખનો બોજો અસહ્ય લાગે છે. આપણા ઉપર કોઈ દુઃખની છાયા, પડે તો પણ આપણને લાગે છે કે આખા વિશ્વનો ભાર આપણા ખભા ઉપર પડી ગયો છે. દુઃખોના પહાડ આપણી પર તૂટી પડ્યાં છે એવો દર્દ, એવો અહેસાસનો અનુભવ થાય છે પણ હકીકતમાં મુસીબતો જ આપણને પરિપક્વ બનાવે છે. તે જ આપણને ધૈર્ય રાખવાનું, હોંસલો રાખવાનું અને દર્દ, દુઃખને કે અણધાર્યા વિપરીત સંજોગોને ન ગણકારવાની શીખને સમજણ આપે છે.

પદ, પ્રતિષ્ઠા, પૈસા કે અનુકુળ પરિસ્થિતિ સુખી થવાની ખાતરી આપતા નથી પણ સુખ તો સમજણથી મળે છે. સમતા, અને સક્ષમતા, સમજણ અને શાલીનતાના ઉપયોગથી આપણો દ્રષ્ટિકોણ સુખી કે દુઃખી થવાની દ્રષ્ટિ કેળવે છે. બાકી બીજા કોઈનું ગજું નથી કે આપણને સુખી કે દુઃખી કરી શકે. આમ આપણે સુખી થઈ એ કે દુઃખી થઈએ માટે અન્યો નહીં પણ આપણે જ જવાબદાર હોઈએ છીએ. આપણો સ્વભાવ, આપણો દ્રષ્ટિકોણ અને આપણા વિચાર આચારની તરેહ જ આ માટે કારણભૂત છે.

– જય જ્ઞાતિમૈયા

# સર્જનહારનું અદ્ભૂત સર્જન

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

સ્ત્રી એટલે ઈશ્વરે સર્જેલું અદ્ભૂત સર્જન છે. સ્ત્રીનું સંસારમાં આવવું એટલે માનવજાત માટે ઉત્તમ ભેટ પ્રાપ્ત થવી. એકમાત્ર સ્ત્રી છે જે જિંદગીના રંગમંચ પર વિવિધ ભૂમિકા સફળતાપૂર્વક અને સમર્પણ ભાવથી નિભાવતી આવે છે. તેણી ત્યાગની સાક્ષાત મૂર્તિ છે, જેને લીધે તેને દેવીનો દરજ્જો મળ્યો છે. સમાજ પોતાના રૂઢિગત માનસને વશ થઈ સ્ત્રી ઉપર અત્યાચાર, જુલમ કરે છે. તે છતાં અનેક દુ:ખ, યાતના સહન કરીને પણ સ્ત્રી પોતાની સારપથી, સ્નેહ, આદર અને સદ્ભાવથી કલ્યાણ કાર્ય કરવાનું છોડતી નથી. પુરૂષમાં ભલે હજારો હાથીઓની તાકાત હોઈ શકે છે. પણ સ્ત્રીની માનસિક દ્રઢતા, અડગતા અને બલિદાનની સરખામણી અનેક ગણી ચડિયાતી છે એટલે જ સમાજની સમૃધ્ધિનો પાયો સ્ત્રી છે. પ્રાચીન હિંદુ સંસ્કૃતિ અને શિક્ષિત સમાજમાં સ્ત્રી, મહિલાઓનું સ્થાન સન્માનીય અને આગવું રહ્યું છે.

પુરૂષ કમાઈ કરવામાં પાવધરો છે. તનતોડ મહેનત કરી દિવસ રાત જોવા વગર રોજી રળી ખર્ચ જોગ પૈસા કમાઈ લઈ શકે છે. પણ યોગ્ય રીતે ખર્ચ કરવાની ત્રેવડ સ્ત્રીમાં જ હોય છે. અર્થ શાસ્ત્રીઓના સંશોધન દ્વારા એ સાબિત થયું છે કે મહિલાઓ સમૃધ્ધ હોય કે પછાત, અભણ હોય કે શિક્ષિત પોતાની પાસે રહેલ પૈસાનો તે કાળજીપૂર્વક વહીવટ કુશળતા પૂર્વક કરે છે.

સ્ત્રીઓ પોતાની પાસે રહેલ પૈસાના સ્ત્રોતનો પ્રથમ ભાગ ઘરની આવશ્યકતાઓની પૂર્તિ કરવામાં, બીજો ભાગ ઘરના સભ્યોની જરૂરત, માવજત, સંતાનોના શિક્ષણની, આવશ્યકતા પર ખર્ચ કરવામાં અને ત્યારબાદ ત્રીજો ભાગ ભવિષ્યની જરૂરિયાત માટે બચત કરીને રાખે છે. કરકસર અને કાળજી સ્ત્રીના હાથના હથિયાર છે. જેનો કુશળતાપૂર્વક તે ઉપયોગ કરી શકે છે. સ્ત્રી પોતાની શક્તિ, ખુમારી અને સજાગ વ્યક્તિત્વના ઓજસ દ્વારા સમાજને ઘણું પ્રદાન કરે છે. તેના પર આવનારી સમસ્યા કે સંકટને તે પોતાની છઠ્ઠી ઈન્દ્રિયના બળે જાણી તે માટે પોતાને તૈયાર કરી શકે છે. એટલે જ બચત વૃત્તિ તેના સ્વભાવમાં રહે છે. હમેંશા આવનારા ભવિષ્ય માટે સર્વ પ્રથમ વિચાર કરીને આવકનો અમુક ભાગ તે બચત કરી સંભાળે છે તે ક્યારે પોતાના મોજ શોખને કે શારીરિક સ્વસ્થતા માટે લાગનાર દવા-ઔષધ ઉપર નષ્ટ ન કરીને રીતસર અવગણે છે ને આગામી પ્રસંગો, તહેવારોમાં થનારા મોટા ખર્ચને માટે સંભાળપૂર્વક રકમ સંગ્રહ કરે છે. એટલું જ નહીં પરિવારની પ્રતિષ્ઠા શાખ જ્યારે કટોકટીમાં આવી પડે છે ત્યારે એમાંથી સાંગોપાંગ બહાર કાઢવા તે બચત મૂડી પરિવાર સમક્ષ મૂકી દેવામાં સંકોચ કરતી નથી.

સ્ત્રી ક્યારે કાંઈ માંગતી નથી તેની સામે અનહદ આપતી રહે છે. સંબંધ જાળવવા માટે સતત સમાધાનો કરતી રહે છે અને પોતાની જાતને એટલી હદે બદલી નાખે છે કે થોડો પ્રેમ અને સન્માનની આશા રાખી પરિવારની ખુશી માટે સ્વઇચ્છાનો બલિદાન આપી દે છે. સમર્પણ સ્ત્રીની અલગ ઓળખ છે. માતા તરીકે સંતાનને જન્મ આપનારી, બહેન બનીને ભાઈની કાળજી રાખનારી, દીકરી તરીકે પિતાનું ગૌરવ વધારનારી, પત્ની બનીને પતિનો સહારો બનનારી, કુળવધૂ બનીને પરિવારની સંભાળનાર સ્ત્રીના ઉપકાર ચૂકવી ન શકાય એટલા અગણિત છે.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# ગુરુદેવોના મંગલ આર્શીવાદની શક્તિ

અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રીમદ્ ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના દેવલાલી તીર્થ મુકામના ચોમાસા દરમિયાન શ્રી કેડીઓ મહાજન અમદાવાદના પદાધિકારી દર્શન વંદન માટે દેવલાલી મુકામે ગયા હતા ત્યાં શ્રી કેડીઓ ભવનના નિર્માણની ઈચ્છા વ્યક્ત કરી હતી. પરમ પૂજ્ય ગુરુદેવ દ્વારા મંગલ આર્શીવાદ સાથે પાંચ વર્ષમાં ભવન નિર્માણનું કાર્ય શરૂ થશે એવા આશીર્વાદ આપવામાં આવેલ.

કોરોના જેવી મહામારીને કારણે શ્રી કેડીઓ ભવન નિર્માણની ચર્ચા વિચારણા ઉપર પૂર્ણવિરામ મૂકવા મહાજનશ્રી મજબુર થયું હતું વિધિના લેખ ક્યાં કોઈ જાણે છે કોરોના મહામારી બાદ વર્તમાન ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ. સા. વિહાર કરતાં કરતાં અમદાવાદ શહેર તરફ આવી રહ્યા હતા ત્યારે રાસ્કાતીર્થે શ્રી કેડીઓ મહાજનશ્રીના પદાધિકારીઓ દર્શન વંદન કરવા ત્યાં ગયા હતા. પૂજ્ય ગુરુદેવ તરફથી શ્રી કેડીઓ ભવનના ભગીરથ કાર્ય માટે મંગલ આર્શીવાદ આપવામાં આવેલ, અને તુરંત તેના માટેની યોજના બનાવીને આપેલ. શ્રી કેડીઓ જ્ઞાતિના શ્રેષ્ઠીવર્યોનો સંપર્ક કરી શ્રી કેડીઓ ભવન નિર્માણ માટે અમદાવાદ મહાજનને સાથ સહકાર આપવા જણાવેલ. પરમ પૂજ્ય ગચ્છાધિપતિ અમદાવાદ શહેર પધારેલ ત્યારે મહાજનશ્રીના પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ ખોનાના નિવાસ્થાને ફરીથી શ્રી કેડીઓ ભવનના નિર્માણ અંગે ચર્ચા વિચારણા થયેલ અને પૂજ્ય ગુરુદેવને બે પ્લોટ બતાવેલ તેમાંથી એક પ્લોટ નક્કી કરવામાં આવેલ બે વર્ષના ટૂંકા ગાળામાં દેવગુરુની કૃપા તેમજ દાતા પરિવારો ના સાથ સહકાર તેમજ અમદાવાદ મહાજનશ્રી ના દ્રઢ સંકલ્પ શક્તિની બદોલત તારીખ 2. 3. 2024 ના શુભ દિવસે પરમ પ.પૂ.ગણિવર્ય શ્રી રાજરત્નસાગરજી મહારાજ સાહેબ ઠાણા ૬ તેમજ સુસાધ્વીજી શ્રીઓ ની શુભ નિશ્રામાં ભવનના મુખ્ય દાતાશ્રી શેઠ શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવારના સભ્યોશ્રીઓ તેમજ અન્ય દાતાશ્રીઓ, અન્ય મહાજનશ્રી ના પદાધિકારીઓ, એકમ પ્રમુખો તેમજ જ્ઞાતિ અગ્રણી મહાનુભાવો જ્ઞાતિજનોશ્રી ની સાક્ષીએ હર્ષોલ્લાસ સાથે ભૂમિ પૂજન કરવામાં આવેલ છે.



# મહા મહાજન - અમદાવાદ મહાજન

**શ્રી મુંબઈ મહાજન પછીનું સૌથી મોટું મહાજન એટલે શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ** જે મહાજન હંમેશા જ્ઞાતિ-જ્ઞાતિજનોની સેવા, ધાર્મિક અને જીવદયા ના કાર્યોમાં આગળ રહ્યો છે. જે દિવસેને દિવસે વિકસી રહ્યો છે અને જ્ઞાતિજનોના જીવનને સકારાત્મક રીતે પ્રભાવિત કરી રહ્યો છે. શ્રી કેડીઓ મહાજન, અમદાવાદ છેલ્લા દસ વર્ષથી ખૂબ અગ્રેસર છે તેના મુખ્યત્વે જ્ઞાતિ અને જ્ઞાતિના કલ્યાણ માટે જરૂરી દરેક સહાય પૂરી પાડવાનો પ્રયત્ન કર્યા છે તેમાં ક્યારેય પણ પાછી પાની કરેલ નથી. અમદાવાદ મહાજનશ્રી દ્વારા ભૂતકાળમાં ઘણી બધી ધાર્મિક અને સામાજિક સેવાઓ કરવામાં આવેલ છે વર્તમાનમાં એ જ પંથ પર આગળ વધી રહ્યું છે અને ભવિષ્યમાં આવી સેવાઓ કરવા કટિબદ્ધ છે.

**ચૈત્રી બીજ ભક્તિ, પર્યુષણ પર્વ દરમિયાન જીવદયા ના કાર્યો અષાઢી બીજ ના સાંસ્કૃતિક કાર્ય ધાર્મિક જાત્રાઓ, પગપાળા સંઘો, બ્લડ ડોનેશન કેમ્પ, રોટી બેંક, એજ્યુકેશન સેમિનાર યુવા વિકાસ અને મહિલા ઉત્કર્ષ** માટેના કાર્યક્રમો વર્તમાનકાળમાં અવિરત કરવામાં આવી રહ્યા છે. જ્ઞાતિબંધુઓના સારા સ્વાસ્થ્ય માટે વર્ષમાં એક વખત **ફુલ બોડી ચેકઅપ** વગેરે કાર્યો અગ્રેસર છે.

વિશ્વ વ્યાપી મહામારી કોરોના નાં સમયમાં જ્ઞાતિબંધુઓના સ્વાસ્થ્ય માટે હંમેશા ચિંતીત રહેલ મહાજનશ્રીના પદાધિકારીઓએ યુવાનોને સાથે રાખીને જરૂરિયાતવાળા જ્ઞાતિજનોની મદદ માટે ટિફિન સેવા મેડિસિન સેવા આર્થિક સેવા તેમજ અનાજ કીટ જેવી વિવિધ જ્ઞાતિ સેવા પણ કરેલ છે. આજના દિવસે પણ **અમદાવાદમાં સારવાર અર્થે આવતા જ્ઞાતિજનો માટે મેડિકલ સમિતિ પૂર્ણપણે કાર્યરત છે.**

1960 માં એક બે ઘરોથી અમદાવાદમાં જ્ઞાતિનો વસવાટ શરૂ થયેલ જે **આજે 325 થી વધારે પરિવારો વસવાટ કરી રહેલ છે.** ધાર્મિક અને સામાજિક કાર્યોને વધુ વેગ મળે અને વર્ષોથી અમદાવાદ શહેર આપણા જ્ઞાતિનું કેન્દ્ર બિંદુ રહેલ છે તે હકીકતને ધ્યાનમાં લેતા અમદાવાદ શહેરમાં **આપણું પોતાનું એક શ્રી ભવન હોય** એ ખૂબ જરૂરી છે આ ભવનમાં ધર્મ આરાધના માટે ઉપાશ્રય, દેવ દર્શન માટે દેરાસરજી સાથે બહાર ગામથી આવતા આપણા જ્ઞાતિજનો માટે અતિથિગૃહ અને બહારગામ થી ઉચ્ચ અભ્યાસ માટે આવતા આપણા જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થી ગૃહ જેવી સુવિધાઓ પણ હોય આ શ્રી ભવનમાં વિવિધ લક્ષી હોલ અને કોમ્યુનિટી હોલ ના નિર્માણનું પણ પ્રાવધ્યાન હશે. જ્યાં આપણા સમાજના સાંસ્કૃતિક કાર્યક્રમઓ સાથે યુવા વિકાસ તેમજ નારી સશક્તિકરણના કાર્યો થાય અને જ્ઞાતિજનો પોતાના સારા નરસા પ્રસંગે હોલનો ઉપયોગ કરી શકે. જ્ઞાતિ વિકાસ યાત્રાને વેગ આપવા જરૂરી ફંડ ને પહોંચી વળવા આવકના સ્ત્રોત માટે શ્રી ભવન ખૂબ ઉપયોગી સાબિત થઈ શકે છે આ ઉચ્ચ વિચારને હકીકતમાં તબદીલ કરવા મહાજનશ્રી દ્વારા પાલડી જેવા જૈન વિસ્તારમાં રિવરફ્રન્ટ ટચ એક 634 સ્કે. યાર્ડ અંદાજીત 5700 સ્કે. ફૂટ નો પ્લોટ ખરીદ્યો અને તા. 2.માર્ચ ના શુભ દિવસે મહાત્માઓ, સાધ્વીજી મ.સા. ની નિશ્રામાં જ્ઞાતિના અગ્રણી મહાનુભાવો તથા ભવન ના મુખ્ય દાતાશ્રી ના શુભ હસ્તે ભૂમિ પૂજન થયેલ છે. જમીન અને બાંધકામના ફંડને પહોંચી વળવા અમદાવાદ જ્ઞાતિજનો ના સાથ સહકારથી Rs. 2.75 કરોડની આસપાસના દાનવચન મળેલ છે અને સમગ્ર જ્ઞાતિમાંથી અંદાજીત 9 કરોડ જેટલા દાનવચન મળેલ છે. શ્રી ભવન નિર્માણ નો ખર્ચ અંદાજીત 12 કરોડ ની આસપાસ થાય એવી શક્યતા છે. સમગ્ર જ્ઞાતિના વિકાસ માટે સદાય અગ્રેસર રહેલ પરિવાર એટલે શ્રેષ્ઠીવર્ય શેઠ શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવારે આ શ્રી ભવનના મુખ્ય લાભાર્થી નો લાભ લીધેલ છે. આ ભવન **શેઠ રાયચંદ ધરમશી ભવન**થી ઓળખાશે આ ભવન અંદાજિત 25,000 સ્ક્વેર ફુટ બાંધકામ નું સાત માળનું રહેશે...

# શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ સંચાલિત
# શેઠ રાયચંદ ધરમશી ભવન



# શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ સંચાલિત
# શેઠ રાયચંદ ધરમશી ભવન



આશરે 2000 સ્કે. ફુટ નો પિલર લેશ
વ્યાખ્યાન હોલ, ચર્તુવિધ ભક્તિ સદન, વિવિધ લક્ષી હોલ



વિદ્યાર્થી ગૃહ રૂમ



અતિથિ ગૃહ રૂમ





શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ સંચાલિત -
શેઠ રાયચંદ ધરમશી ભવન

## શ્રી ભવનના મુખ્ય લાભાર્થી પરિવાર

# શ્રેષ્ઠીવર્ય શેઠ શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર

**સુથરી,** મુંબઇ

## ગ્રાઉન્ડ ફ્લોર - પાર્કિંગ

### મહાજનશ્રી નું કાર્યાલય: લાભાર્થી પરિવાર

**સંઘમાતા અ. સૌ. કલ્પનાબેન શામજી દંડ પરિવાર,**

સાંધવ, મુંબઇ

### બે ઓટોમેટિક લિફ્ટ: લાભાર્થી પરિવાર

**શ્રી દક્ષિણ ભારત કે ડી ઓ જૈન એકમ (DBKDO)**

## પ્રથમ માળ

### શ્રીમદ્ ગુણોદયસાગરસુરીશ્વરજી આરાધના ભવન

**બહારની બાજુ વીંગ ના લાભાર્થી પરિવાર**
**શ્રી ગુણોદયગુરુદેવ ભક્ત પરિવાર**

### વ્યાખ્યાન હોલ

**આશરે 2000 સ્કે. ફૂટ નો પિલર લેશ વ્યાખ્યાન હોલ**
**દાતાશ્રી પરિવાર આવકાર્ય છે.**

શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ સંચાલિત -
શેઠ રાયચંદ ધરમશી ભવન

**ગોચરી રૂમ : લાભાર્થી પરિવાર**

**માતુશ્રી કાતાંબાઈ મુલજી રાઘવજી લોડાયા પરિવાર,**
સાંધવ, દાદર

**સ્વાધ્યાય રૂમ: લાભાર્થી પરિવાર**

**ગં.સ્વ. માતુશ્રી ગંગાબેન હેમરાજ રાયમલ મોતા, પરિવાર**
સુથરી, અમદાવાદ

## બીજો માળ

**કવીન્દ્રસાગરસૂરિ (કવિ વીર) ચર્તુવિધ સંઘ ભક્તિ સદન: લાભાર્થી પરિવાર**

**કવિ વીર ગુરુદેવ ભક્ત પરિવાર**
**બહારની બાજુ વિંગ ના દાતાશ્રી**

**ચર્તુવિધ સંઘ ભક્તિ હોલ**

આશરે 2000 સ્કે. ફૂટ નો પિલર લેશ ચર્તુવિધ સંઘ ભક્તિ હોલ
દાતાશ્રી પરિવાર આવકાર્ય છે.

## ત્રીજો માળ

# વિવિધલક્ષી સદન

**બહારની બાજુ વિંગ ના દાતાશ્રી તેમજ**
**અંદરની બાજુ હોલ ના દાતાશ્રી પરિવાર આવકાર્ય છે.**

### શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ સંચાલિત -
### શેઠ રાયચંદ ધરમશી ભવન

## ચોથો માળ

### અતિથિ ગૃહ

**વિશાળ, આધુનિક, સંપૂર્ણ એ.સી., 300 સ્કે. કાર્પેટ એરિયા**
**ફ્રીજ, લોકર જેવી અન્ય સુવિધાઓ થી સજ્જ સાત રૂમ**
**અતિથિ ગૃહ બહારની બાજુ વિંગ ના દાતાશ્રી પરિવાર આવકાર્ય છે.**

## રૂમો ના દાતાશ્રી પરિવાર

1. માતુશ્રી નવલબેન લીલાધર મૈશેરી પરિવાર, લાલા
2. શ્રીમતી ગીતાબેન જીતેન્દ્ર નવીનચંદ્ર મોતા પરિવાર, ગોરખડી, સીરસી
3. માતુશ્રી વિજયાબેન વેરશી મોતા તથા સ્નેહા અશોક મોતા પરિવાર, સુથરી, અંધેરી મુંબઇ
4. શ્રી જલદીપ હીરાચંદ દોલત તથા નીતાબેન જલદીપ દોલત પરિવાર, સુથરી USA
5. શ્રીમતી જ્યોતિબેન કિર્તીભાઇ ધરમશી, સુથરી બેંગોલર તથા
   માતુશ્રી દિમુબાઇ પદમશી ઘેલાભાઇ મોતા પરિવાર, નલિયા, બદગરા
6. માતુશ્રી પ્રેમીલાબેન જયંતિલાલ દેવશી મૈશેરી પરિવાર, જખૌ, મુંબઇ

## પાંચમો માળ

### વિદ્યાર્થી ગૃહ (25 વિદ્યાર્થી ની વ્યવસ્થા)

**સંપૂર્ણ વિદ્યાર્થી ગૃહ ના દાતા પરિવારશ્રી**
**અચલગચ્છાધિપતિ શ્રીમદ જિનેન્દ્રસાગરસૂરીશ્વરજી**
**શ્રી ક.દ.ઓ. જૈન વિદ્યાર્થી ગૃહ બોર્ડિંગ ધુલિયા**

શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ સંચાલિત -
શેઠ રાયચંદ ધરમશી ભવન

## મહાજનશ્રી ના આ જ્ઞાતિ ભવનના સ્વપ્ન ને સાકાર કરવા દાન - દાનવચન આપનાર સર્વે દાતાશ્રી પરિવારોની ખૂબ ખૂબ અનુમોદના મહાજનશ્રી હંમેશા આપનો ઋણી રહેશે.

## પ્લેટીનમ ભૂમિ દાતાશ્રીઓ

**સંઘમાતા**
**માતુશ્રી દમયંતીબેન ચાંપસીભાઈ લોડાયા પરિવાર**
કચ્છ સાંધવ - ઘાટકોપર, મુંબઈ

**શેઠશ્રી હિરેનભાઈ મણિલાલ ડુંગરશી દંડ**
**હ. માતુશ્રી લલીતાબેન મણિલાલ દંડ**
**શ્રીમતી હેમાબેન હિરેનભાઈ દંડ, સિધ્ધાંત હિરેનભાઈ દંડ**
કચ્છ બાયઠ, મુંબઈ દાદર

**માતુશ્રી લીલાવંતીબેન ઉમરશી ભારાણી**
જખૌ, અમદાવાદ

**શ્રીમતી માલાબેન પ્રફુલભાઈ ધરમશી**
કોઠારા, અમદાવાદ

## ડાયમંડ ભૂમિ દાતાશ્રીઓ

**માતુશ્રી રાજુલાબેન નલિનભાઈ મોમાયા**
વરાડીયા, અમદાવાદ

**શ્રીમતી શશીકલાબેન જીતેન્દ્રભાઈ ખોના**
આરીખણા, અમદાવાદ

**શ્રી ગુલાબભાઈ ધનજી દંડ**
પરજાઉ, અમદાવાદ

## ગોલ્ડન ભૂમિ દાતાશ્રીઓ

**માતુશ્રી દમયંતીબેન દિલીપભાઈ દંડ**
વરાડીયા, અમદાવાદ

**માતુશ્રી વિજયાબેન મહેન્દ્રભાઈ ખોના**
આરીખાણા, અમદાવાદ

**માતુશ્રી કાશ્મીરાબેન રાજેન્દ્રભાઈ સોની**
જખૌ, અમદાવાદ

**માતુશ્રી પુરબાઈ કાનજી ધરમશી**
જખૌ, અમદાવાદ

**માતુશ્રી લક્ષ્મીબેન મૂલજી લાલકા**
કલકત્તા, મુંબઇ, અમદાવાદ, લાલા

## ગોલ્ડન ભૂમિ દાતાશ્રીઓ

**માતુશ્રી પુરબાઈ લક્ષ્મીચંદ દંડ**
અમદાવાદ - લાલા

**માતુશ્રી મધુરીબેન ભવાનજી શિવજી લોડાયા**
કોઠારા, ચાલીસગામ / વિદ્યાવિહાર

**શેઠશ્રી દેવજીભાઈ રાયશી દૌલત**
કચ્છ, સુથરી - નાસિક-ઉંઝા

**માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા**
કચ્છ- વરડીયા - મુંબઇ

**શ્રી કચ્છી દશા ઓશવાલ**
જૈન સમાજ, વડોદરા

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ,**
મુંબઇ- ભાડુંપ (વેસ્ટ)

**માતુશ્રી મંજુલાબેન ઉત્તમચંદ નરશી મોમાયા**
કચ્છ - વરપધ્ધર, હૈદરાબાદ

**માતુશ્રી લક્ષ્મીબેન ઝવેરચંદ ધરમશી**
કચ્છ-કોઠારા, બીજાપુર

# સિલ્વર ભૂમિ દાતાશ્રીઓ

**માતુશ્રી ઉષાબેન નારણજી મૈશેરી**
અમદાવાદ - મોટી સીંધોડી

**માતુશ્રી દમયંતીબેન ખીમચંદ ધરમશી**
અમદાવાદ - જશાપર

**માતુશ્રી ધનલક્ષ્મીબેન કુલીનભાઈ મૈશેરી**
અમદાવાદ - જખૌ

**શ્રી લલિતભાઈ સોમચંદ છેડા**
અમદાવાદ - જશાપર

**માતુશ્રી સ્વ. જમકુબેન હેમચંદભાઈ ધરમશી**
અમદાવાદ - સુથરી

**આદરણીય શ્રી બાબુભાઈ વિરમ લોડાયા**
હસ્તે, શ્રી પ્રિયેન ચંદ્રકાંત લોડાયા
સાંધવ, અમદાવાદ

**રશ્મિબેન ગુલાબચંદ નાગડા**
નલિયા, અમદાવાદ

**આદરણીય શ્રી ઉમરશીભાઈ જેઠાભાઈ કુરુવા**
ગોધરા, અમદાવાદ

# લાખેણાં દાતાશ્રીઓ

**શ્રી કેડીઓ મહિલા મંચ, અમદાવાદ**
અમદાવાદ

**માતુશ્રી પુષ્પાબેન નરેન્દ્રભાઈ લોડાયા**
બાંઢિયા, અમદાવાદ

**શ્રી સંજયભાઈ નરશી લોડાયા**
અંજાર, અમદાવાદ

**શ્રી તારાચંદભાઈ હેમરાજ મોતા**
સુથરી, અમદાવાદ

**શ્રી ચંદ્રકાંતભાઈ બાબુભાઇ લોડાયા**
સાંધવ, અમદાવાદ

**સ્વ. મનીષ નવીનચંદ્ર મોતા**
લાખણીયા, અમદાવાદ

**માતુશ્રી જવેરીબેન દામજી છેડા**
જશાપર, અમદાવાદ

**માતુશ્રી તિલકબેન શામજીભાઈ (શાહ)લોડાયા**
કચ્છ-જખૌ - અમદાવાદ

**માતુશ્રી રમીલાબેન શાંતિલાલ છેડા**
જશાપર, અમદાવાદ

**માતુશ્રી વિજયાબેન કુંવરજી લોડાયા**
કચ્છ- રાપર ગઢવાળી - મુંબઇ

**શ્રીમતી હીનાબેન દિનેશભાઈ મૈશેરી**
મોટી સીંધોડી, અમદાવાદ

**અ.સૌ. રશ્મિબેન મુલચંદભાઈ મોમાયા**
સાયંરા, અમદાવાદ.

**શ્રીમતી ચેતનાબેન સંજયભાઈ મોતા**
સુથરી, અમદાવાદ

**માતુશ્રી મજુંલાબેન મહેન્દ્રભાઈ મોતા**
નલિયા, અમદાવાદ

**માતુશ્રી સુશીલાબેન ગોવિંદજી નાગડા**
નલિયા, અમદાવાદ

**માતુશ્રી જમકુબાઈ રસિકલાલ ધરમશી**
મોટી ખાવડી, અમદાવાદ

# લાખેણાં દાતાશ્રીઓ

**અ.સૌ. હસુમતીબેન નવીનચંદ્ર વિસનજી દંડ**
લાલા, અમદાવાદ

**માતુશ્રી વિજયાબેન કુંવરજી લોડાયા**
કચ્છ- રાપર ગઢવાળી - મુંબઇ

**શેઠ શ્રી પૃથ્વીભાઈ નરેન્દ્રભાઈ શાહ**
ગાંધીનગર

**માતુશ્રી મીઠીબાઈ દેવશી ડાઘા**
ગોયરસમા, પરોલા-અમલનેર

**શ્રીમતી ઉષાબેન મોતીલાલ ધરમશી**
કચ્છ, જશાપર - હાલ, મુંબઈ

**માતુશ્રી ધનબાઈ નરશી કાનજી છેડા**
સુથરી, મુંબઇ

**શ્રીમતી પિંકીબેન કમલેશભાઈ ધરમશી**
કચ્છ, જશાપર - હાલ, મુંબઈ

**માતુશ્રી ભમલબાઈ પદમશી પૂંજાભાઈ પીર**
સુથરી, ડોમ્બિવલી-મુંબઇ

**માતુશ્રી દમયંતીબેન માણેકજી છેડા**
કચ્છ, જશાપર - હાલ, જલગાંવ

**માતુશ્રી રંજનાબેન દિનેશચંદ્ર કુંવરજી આશારીઆ**
**સાચલા પરિવાર**
સુથરી, મુલુંડ - મુંબઈ

**માતુશ્રી હીરબાઈ કલ્યાણજી પીર**
સુથરી, અમદાવાદ

**માતુશ્રી તેજબાઈ વિશનજી ઘેલાભાઈ છેડા**
સુથરી, ડોમ્બિવલી-મુંબઇ

**માતુશ્રી મણીબાઈ દામજી મૈશેરી**
નલિયા, વડાલા

**માતુશ્રી નેણબાઈ હીરજી લોડાયા**
મંજલ, મુંબઇ

**માતુશ્રી વનીતાબેન પુનમચંદભાઈ મૈશેરી**
લાલા, અમદાવાદ.

**માતુશ્રી નવલબાઈ ખેતશી પોલડીયા**
કચ્છ-બાયઠ

# લાખેણાં દાતાશ્રીઓ

**માતુશ્રી મીનાબેન રાજેન્દ્ર વીકમસી**
કચ્છ-વરડીયા, અમદાવાદ

**માતુશ્રી દેવકાબેન મૂલજી લખમશી દેસાઈ (લાપસીયા)**
કચ્છ - સાયરા, રાયચુર

**શ્રીમતી લક્ષ્મીબેન મહેશભાઈ ખત્રી**
અમદાવાદ

**અ.સૌ. સ્મિતાબેન રાયચંદ દેવશી જીવાણી**
જખૌ, ડોમ્બિવલી

**માતુશ્રી માનબાઈ દામજી ખીયશી મૈશેરી**
લાલા, મુલુંડ

**માતુશ્રી રાજબાઈ નરશી છેડા**
સુથરી, સાંગલી

**શેઠશ્રી નરેન્દ્રભાઈ રાયચંદ ખોના**
કચ્છ-જખૌ - અમદાવાદ

**માતુશ્રી હીરાબાઈ હંસરાજ નરશી મોમાયા**
કચ્છ-સુથરી, ઘાટકોપર - મુંબઇ

**માતુશ્રી જવેરબાઈ ધનજી ઘરમશી,** સુથરી, બેંગ્લોર, અમદાવાદ
**હ. શ્રી ખુશેન્દ્રભાઈ ધનજી ઘરમશી, અમદાવાદ.**

દાન દાન વચન આપનાર દાતાશ્રીઓ અને લાભાર્થી પરિવારો ની યાદી અત્રે રજુ કરેલ છે, શરત ચૂક થી કોઈ પણ દાતાશ્રીનું નામ રહી ગયેલ હોય તો માફી માંગીએ છીએ...

દાતાશ્રી ના નામ માં કોઈ ભૂલ રહી ગયેલ હોય તો ક્ષમા કરશોજી...

વધુ માહિતી માટે સંપર્ક:

**રાજેશ ઘરમશી - 9925038896**

# ભૂમિપૂજન ના શુભ અવસરે વિવિધ ધાર્મિક અનુષ્ઠાન

**શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ સંચાલિત શેઠ શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ભવન ભૂમિપૂજન શુભ અવસરે** પાટલા પૂજન, પરમાત્માના શક્રસ્તવ અભિષેક, કુંભ સ્થાપના, ભૂમિની અષ્ટ પ્રકારી પૂજા, પરમાત્માની આરતી, મંગળ દીવો વિવિધ ધાર્મિક અનુષ્ઠાનમાં ભાગ લેનાર મહાનુભાવો...

## પાટલા પૂજન - શક્રસ્તવ અભિષેક ના લાભાર્થી પરિવાર



નવગ્રહ પાટલા પૂજનના લાભાર્થી પરિવાર

**માતુશ્રી રાજુલાબેન નલીનભાઈ મોમાયા**




અષ્ટમંગલ પાટલા પૂજનના લાભાર્થી પરિવાર

**શ્રી ગુલાબભાઈ ધનજી દંડ પરિવાર**



દશ દિગ્પાલ પાટલા પૂજન ના લાભાર્થી પરિવાર

**શ્રીમતી માલાબેન પ્રફુલભાઈ ધરમશી**




સર્વઔષધી અભિષેકના લાભાર્થી પરિવાર

**શ્રીમતી શશીકલાબેન જીતેન્દ્રભાઈ ખોના**




સોના રૂપા વરખ અભિષેકના લાભાર્થી પરિવાર

**માતુશ્રી લીલાવંતીબેન ઉમરશી ભારાણી**




પુષ્પ અભિષેકના લાભાર્થી પરિવાર

**દિક્ષાર્થી પરિવાર**

# ભૂમિપૂજન ના શુભ અવસરે વિવિધ ધાર્મિક અનુષ્ઠાન

**શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ સંચાલિત શેઠ શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ભવન ભૂમિપૂજન શુભ અવસરે** પાટલા પૂજન, પરમાત્માના શક્રસ્તવ અભિષેક, કુંભ સ્થાપના, ભૂમિની અષ્ટ પ્રકારી પૂજા, પરમાત્માની આરતી, મંગળ દીવો વિવિધ ધાર્મિક અનુષ્ઠાનમાં ભાગ લેનાર મહાનુભાવો...

**પરમાત્માની ભક્તિ માં તરબોળ દિક્ષાર્થી પરિવાર તેમજ ૩ વર્ષની દીકરી જિયારા મીરાજ ભારાણી**





**શાંતિ કળશ, કુંભ સ્થાપના, પરમાત્માની આરતી, મંગળ દીવાના લાભાર્થી પરિવાર**



પરમાત્માની આરતીના લાભાર્થી પરિવાર
**માતુશ્રી લક્ષ્મીબેન મૂળજી લાલકા પરિવાર**



મંગળ દીવાના લાભાર્થી પરિવાર
**શ્રીમતી શશીકલાબેન જીતેન્દ્રભાઈ ખોના**



શાંતિ કળશ અને કુંભ સ્થાપના ના લાભાર્થી પરિવાર
**માતુશ્રી વિજયાબેન વિરેન્દ્રભાઈ લોડાયા પરિવાર**



**ક્ષેત્રપાળ પૂજન**

## શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ સંચાલિત,
## શેઠ રાયચંદ ધરમશી ભવન ના ભૂમિપૂજન ના શુભ અવસરે પધારેલ...
# ભવનના મુખ્ય દાતાશ્રી પરિવાર તથા
# જ્ઞાતિના અગ્રણી મહાનુભાવો, શ્રેષ્ઠીવર્યો










## શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ સંચાલિત,
## શેઠ રાયચંદ ધરમશી ભવન ના ભૂમિપૂજન ના શુભ અવસરે
# પ.પૂ. ગુરુદેવો, ભવન ના મુખ્ય દાતાશ્રી પરિવાર તથા
# જ્ઞાતિના અગ્રણી મહાનુભાવો, શ્રેષ્ઠીવર્યો દ્વારા ભૂમિપૂજન - શુદ્ધિ કરણ










# શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ સંચાલિત,
## શેઠ રાયચંદ ધરમશી ભવન ના ભૂમિપૂજન ના શુભ અવસરે
# વર્ષો ના સ્વપ્ન ને સાકાર થતું નિહાળી
# હર્ષોલ્લાસ થી નાચી ઉઠ્યું શ્રી કેડીઓ મહાજન, અમદાવાદ














### શ્રી ગુજરાતના પાટનગર...શ્રી અમદાવાદ મહાનગરે... શ્રી પાલડીના આંગણે...

કચ્છ જખૌ તીર્થ - જલગાંવ (મહારાષ્ટ્ર) નિવાસી

# મુમુક્ષુ શ્રી રાજેશ ગુલાબચંદ હંસરાજ મોમાયાના



ત્રિદિવસીય જિનભક્તિમય

# મહાભિનિષ્ક્રમણ મહોત્સવ



### શ્રી અમદાવાદ ના આંગણે શ્રી અચલગચ્છમાં સૌ પ્રથમ દીક્ષા મહોત્સવ....

આયોજક અને નિમંત્રક ની જવાબદારી શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદે સુંદર રીતે નીભાવી. દીક્ષાના આયોજન માં શ્રી અમદાવાદ મહાજન ના સભ્યો ની કાર્યક્ષમતા, મહિલા મંડળ અને નવયુગ યુથ ફોરમ ના યુવા યુવતીઓ ની કાર્ય કુશળતા, એક ટીમ વર્ક અને શુદ્ધ વિધિ વિધાન દ્વારા દીક્ષા વિધિ હાજર સર્વે આમંત્રિત મહેમાનો અને જ્ઞાતિજનોએ ખૂબ નજીક થી નિહાળી ધન્યતા અનુભવી






# 27 થી વધારે બેડા અને 108 સકન, અલગ અલગ દ્રવ્ય થી તૈયાર કરેલી ગહુલીઓ એ હાજર સર્વે ભાવિક ભક્તો ના મન મોહી લીધા હતા.....ગુરુદેવો નું ધામધૂમથી સામૈયું








# પરમ ઉપકારી ગુરુદેવો ને અક્ષત થી વધાવી
# દીપ પ્રાગટ્ય કરી દીક્ષા મહોત્સવ વિધિ વિધાન ની શુભ શરૂઆત થયેલ










# વસ્ત્ર રંગોત્સવ- મહેંદી રસમોત્સવ

સંયમ માર્ગે જતા મુમુક્ષુ ના વસ્ત્ર રંગવા ની પ્રણાલી ખૂબ જ પ્રાચીન છે...
આ પ્રસંગમાં સર્વે શ્રાવક શ્રાવિકાઓ એ ખૂબ જ ઉત્સાહ અને ઉમંગભેર ભાગ લીધો હતો
શ્રી કેડીઓ મહાજન, અમદાવાદ ના મહિલા મંચ દ્વારા ખૂબ જ સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી,
દીક્ષા મંડપ માં હાજર દરેક શ્રાવક શ્રાવિકા ને લાભ લીધેલ હતો.










# સંયમ છાબ દર્શનોત્સવ, ઉપકરણ વંદનાવલી, બેઠો વર્ષીદાન, શ્રી મહાકાળી માતાજીની ભાવના

### સંયમ જીવન ઉપર ધર્મ નાટીકા અને નૃત્ય થી ધર્મ અને સંયમ જીવન નો સુંદર સંદેશ

















# સંયમ છાબ દર્શનોત્સવ, ઉપકરણ વંદનાવલી, બેઠો વર્ષીદાન, શ્રી મહાકાળી માતાજીની ભાવના

સંયમ જીવન ઉપર ધર્મ નાટીકા અને નૃત્ય થી ધર્મ અને સંયમ જીવન નો સુંદર સંદેશ


















કચ્છ જખૌ તીર્થ - જલગાંવ (મહારાષ્ટ્ર) નિવાસી

## મુમુક્ષુ શ્રી રાજેશ ગુલાબચંદ હંસરાજ મોમાયા

# વર્ષીદાન નો વરઘોડો

















કચ્છ જખૌ તીર્થ - જલગાંવ (મહારાષ્ટ્ર) નિવાસી

## મુમુક્ષુ શ્રી રાજેશ ગુલાબચંદ હંસરાજ મોમાયા

# સંયમોદ્વાર - દીક્ષોત્સવ

દીક્ષા મહોત્સવ ની વિધિ વિધાન ના લાભ સર્વે શ્રાવક શ્રાવિકોએ ખૂબ ઉલ્લાસ અને ઉમંગપૂર્વક ઉંચી ઉછામણીથી લીધેલ.

**વિદાય તિલકનો લાભ માતુશ્રી વિજ્યાબેન દેવજી દોલત પરિવાર કચ્છ, સુથરી - અમદાવાદ, ઊંઝા, નાસિક હસ્તે શ્રી શૈલેષભાઈ દોલત પરિવારે લીધેલ. શ્રી અચલગચ્છ જૈન સંઘ ના ઈતિહાસમાં ભાગ્યેજ બનતી ઘટના ઉંચા ભાવ, ઉંચી ભાવના અને ઊંચી ઉછામણીથી વિદાય તિલક નો લાભ લેનાર પરિવારે દીક્ષોત્સવના આયોજનની ખુશાલી નિમિત્તે વિદાય તિલક કરવાનો લાભ શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ ના પદાધિકારીને હસ્તે કરાવી સમગ્ર સમાજને એક ઉમદા ઉદાહરણ પૂરું પાડેલ અને આયોજકો અને સર્વે કાર્યકર્તાના કાર્યને બિરદાવતું એક અનોખું પગલું ભરેલ.**





સુવર્ણમાળાના લાભાર્થી પરિવાર
**માતુશ્રી લક્ષ્મીબેન ચાંપસી દંડ** પરિવાર, લાલા અમદાવાદ

રજત શ્રીફળના લાભાર્થી પરિવાર
**માતુશ્રી કસ્તુરીબેન ચાંપશી ગાલા** હ. શૈલેન્દ્રભાઈ ગાલા
દમયંતીબેન ગુલાબચંદ મોમાયા, પ્રભાબેન લોડાયા મંજલવાળા

ગુરુદેવ ને કામળી વ્હોરાવવા ના લાભાર્થી પરિવાર
**માતુશ્રી રાજુલાબેન નલીનભાઈ મોમાયા**, વરાડીયા તથા
**શ્રી ગુલાબભાઈ ધનજી દંડ**, પરજાઉ

મુમુક્ષુ ને વસ્ત્ર વ્હોરાવવાના લાભાર્થી પરિવાર
**શ્રીમતી શશીકલાબેન જીતેન્દ્રભાઈ ખોના**, આરીખાણા તથા
**માતુશ્રી લીલાવંતીબેન ઉમરશી ભારાણી**, જખૌ

કચ્છ જખૌ તીર્થ - જલગાંવ (મહારાષ્ટ્ર) નિવાસી

# મુમુક્ષુ શ્રી રાજેશ ગુલાબચંદ હંસરાજ મોમાયા

# સંયમોદ્ધાર - દીક્ષોત્સવ

મુમુક્ષુ ને કામળી વ્હોરાવવા ના લાભાર્થી પરિવાર

**માતુશ્રી મીનાબેન રાજેન્દ્રભાઈ વિક્રમશી,** વરાડીયા

મુમુક્ષુ ને જ્ઞાનપોથી વ્હોરાવવા ના લાભાર્થી પરિવાર

**શ્રી કચ્છી જૈન મહાજન જલગામ ના જ્ઞાતિજનો**

મુમુક્ષુ ને દાંડો વ્હોરાવવા ના લાભાર્થી પરિવાર

**શ્રી પદમશી ચાંપશી ભાટે પરિવાર**, કોઠારા

**શ્રી નથુભાઈ ખોના પરિવાર**, જખૌ

મુમુક્ષુ ને દડાંશણ વ્હોરાવવા ના લાભાર્થી પરિવાર

**માતુશ્રી સુશીલાબેન ગોવિંદજી નાગડા પરિવાર,** નલિયા તથા

**શ્રીમતી કાંતાબેન ડુંગરશી દેઢિયા પરિવાર,** નવાવાસ

મુમુક્ષુ ને સંથારીયો વ્હોરાવવા ના લાભાર્થી પરિવાર

**માતુશ્રી દમયંતીબેન દિલીપભાઈ દંડ પરિવાર,** વરાડીયા

મુમુક્ષુ ને સુપળી પોંજણી વ્હોરાવવા ના લાભાર્થી પરિવાર

**સંઘ માતા કલ્પનાબેન શામજી નરશી દંડ પરિવાર,** સાંધવ

મુમુક્ષુ ને આસન વ્હોરાવવા ના લાભાર્થી પરિવાર

**માતુશ્રી ગંગા બેન ગોવિંદજી લાલજી ગડા**

**હ. નીતાબેન રાજેશ ગડા,** ગઢશીસા

મુમુક્ષુ ને નવકાર વાળી વ્હોરાવવા ના લાભાર્થી પરિવાર

**શ્રી હેમંતભાઈ પ્રફુલભાઈ શિયાલ,** જખૌ

કચ્છ જખૌ તીર્થ - જલગાંવ (મહારાષ્ટ્ર) નિવાસી

## મુમુક્ષુ શ્રી રાજેશ ગુલાબચંદ હંસરાજ મોમાયા

# સંયમોદ્વાર - દીક્ષોત્સવ














નૂતન દિક્ષાર્થી પ.પૂ. મુનિરાજ
રાજપ્રિયસાગરજી મ.સા.



ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

**1st February - 30th June 2024**

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

***7.49%**
(p.a.)

- HOME LOAN
- CAR LOAN
- eAUTO LOAN
- 2 WHEELER LOAN
- GOLD LOAN
- COMMERCIAL VEHICLE LOAN
- EDUCATION LOAN
- LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**


For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

SADA AAPKE SANG, ARIHANT
www.arihantbank.com @ Arihant Bank

## સુદેવ - ગુરૂ - ધર્માનુરાગી




આજથી ૪૫ વર્ષ પહેલાં, લાલા ગામનો સૂર્ય મધ્યાહને ચમકી રહ્યો હતો ત્યારે લાલા ગામના ગર્ભશ્રીમંત પરિવાર માતુશ્રી મણિબાઇ હીરજી દંડના પનોતાપુત્રને સંસારની શ્રીમંતાઈમાં કોઇ જ રસ ન હતો. સંસાર અસાર છે તે સૂત્ર તેમના જન્મજાત કંઠે રમતું હતું. એવા શ્રી મુલચંદભાઇ રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબજીના વરદ્હસ્તે સંયમ પંથે પ્રયાણ કરવા જઈ રહ્યા હતા અને એમનું નામ શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા. જ્યાં સદાય ધર્મનો પ્રકાશ પાથરતા હોય. ૪૫ વર્ષના સંયમ પર્યાયમાં જ્ઞાનને સારી રીતે પચાવી અનેકવિધ તપસ્યા કરી પોતાના સંયમ જીવનને તપોમય બનાવી વિ.સં. ૨૦૭૮માં ગણિવર્યના પદે બિરાજમાન થયા. એમના ગુરૂ સાહિત્ય દિવાકર અચલગચ્છાધિપતિ, પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબનું નામ ઈતિહાસના પાને અજવાળ્યું.

લાલામાં શ્રી ચંદ્રપ્રભસ્વામી જિનાલય ૧૧૬ વર્ષ પહેલાં એમના પિતાશ્રી હીરજીભાઇ ખીયરાજ દંડ દ્વારા સ્વદ્રવ્યથી નિર્માણ પામેલ. આવા પરિવારથી આવેલ સંયમરત્ન ગણિવર્યશ્રી ધર્મપ્રભસાગરજી મ.સા. ની વિદાય થી જિનશાસનને એક મોટી ખોટ આવેલ છે.

સાહેબજીનું ચાતુર્માસ ઈ.સ. ૧૯૯૬ માં લાલા ગામે થયેલ જે આજે પણ લાલાવાસીઓની આંખે અજરામર થયેલ છે. એમના પરિવારના ત્રણ શિષ્યો મુ. શ્રી રાજશેખરસાગર મુ.શ્રી ધર્મશેખરસાગરજી અને મુ. શ્રી વીરશેખરસાગરજી મ.સા. ત્રિપુટી એ ગુરૂનું નામ સવાયું કર્યું. ગુરૂના વૈયાવચ્ચમાં સદાય ગુરૂના સાથે રહ્યા.

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન લાલા અને ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, લાલાવાસીઓ, લાલાગામનાં સર્વે સમાજો અને નિયાણી બહેનો તેમનું ગુણાનુવાદ કરી તેમના ધર્મોપદેશનું ઋણ સ્વીકાર કરે છે.

**પરમકૃપાળુ પરમાત્મા એમના આત્મા ને શીઘ્ર મોક્ષ ગામી બનાવે એજ પ્રભુ પાસે પ્રાર્થના**

## શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ



।। સોનથરી તીર્થમંડન શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ।।

# શ્રી સુથરી જૈન સંઘ


વહીવટી કાર્યાલય: C/o ધરમશી સિક્યુરીટીઝ પ્રા. લિમિટેડ,
218, મેરેથોન મોન્ટે પ્લાઝા, મદન મોહન માલવીયા રોડ, મુલુન્ડ (વેસ્ટ),
મુંબઇ - 400 080. સંપર્ક નં. 9833585280 ઇ-મેલ: vrlodaya@gmail.com

તીર્થ પેઢી: સુથરી-કચ્છ, તા. અબડાસા (ગુજરાત)-370490. મો. 9726213827


# ચાતુર્માસ પ્રવેશોત્સવ

**દિવ્ય સામ્રાજ્ય:**

શાસનસમ્રાટ્, રાષ્ટ્રસંત, ભારત દિવાકર, અચલગચ્છાધિપતિ,
પ.પૂ.આ.ભ. **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ**

**દિવ્ય કૃપાશિષ:**

જિનશાસન શિરોમણિ, તપચક્ર-ચક્રવર્તી, અચલગચ્છાધિપતિ,
પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ**
જ્યોતિષ દિવાકર, પ.પૂ.આ.ભ. **શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.**

**ચાતુર્માસ આજ્ઞાદાતા:**

રાજસ્થાન દક્ષિણ દીપક, સાહિત્ય દિવાકર, સૌમ્યમૂર્તિ,
અચલગચ્છાધિપતિ, **પ.પૂ.આ.ભ.**
**શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ**

**ચાતુર્માસ શુભાશિષ:**

સરળ સ્વભાવી, શાસન પ્રભાવક,
પ.પૂ.આ.ભ. **શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.**
આગમ દિવાકર, મેવાડ રત્ન,
પ.પૂ.આ.ભ. **શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

**ચાતુર્માસ નિશ્રા:**

પ્રવર્તક, પ.પૂ.મુનિરાજ **શ્રી મલયસાગરજી મ.સા.**
પ.પૂ.મુનિરાજ **શ્રી રત્નાકરસાગરજી મ.સા.**
દીર્ઘ સંયમી, પ.પૂ.સાધ્વી **શ્રી મહાયશાશ્રીજી મ.સા.**

**સોનથરી મહાતીર્થ (સુથરી) ચાતુર્માસ પ્રવેશ શુભ દિન:**
વિક્રમ સંવત ૨૦૮૦, અષાઢ સુદ-૯, રવિવાર, તા. ૧૪.૦૭.૨૦૨૪
**શુભ સમય:** સવારે ૧૧:૦૦ કલાકે





**સોનથરી!** એટલે સુવર્ણસ્થળી, આજનું સુથરી. પુરૂષાદાનીય, ઉત્કૃષ્ટ પુણ્યના સ્વામિ, ૨૩માં તીર્થંકર, અખિલ વિશ્વમાં ૧૦૮ શ્રી પાર્શ્વતીર્થોમાંનુ એકમાત્ર કચ્છમાં તીર્થ ધરાવતું **શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ મહાતીર્થ**! માત્ર જૈનો જ નહીં પરંતુ, જૈનેત્તરોમાં પણ આકર્ષણ ધરાવતું તીર્થ એટલે સુથરી મહાતીર્થ. દેવ-ગુરૂની અસિમ કૃપા અને શુભાશિષથી સુથરી મહાતીર્થે ચાતુર્માસ પ્રવેશના પડઘમ વાગી રહ્યા છે.

રાષ્ટ્રસંત, ભારત દિવાકર, અચલગચ્છાધિપતિ, **પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ**ના પ્રશિષ્ય, ઉપાધ્યાય, પ.પૂ. **શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા.**ના શિષ્ય, પ્રવર્તક, **પ.પૂ.મુનિરાજ શ્રી મલયસાગરજી મ.સા., પ.પૂ.મુનિરાજ શ્રી રત્નાકરસાગરજી મ.સા.** અને પ.પૂ.સાધ્વી **શ્રી ચંદ્રયશાશ્રીજી મ.સા.**ના શિષ્યા, દીર્ઘ સંયમી, **પ.પૂ.સાધ્વી શ્રી મહાયશાશ્રીજી મ.સા.** આદિ ઠાણા-૧નું ચાતુર્માસ પ્રવેશ **વિક્રમ સંવત ૨૦૮૦, અષાઢ સુદ-૯, રવિવાર, તા. ૧૪.૦૭.૨૦૨૪**ના શુભ દિને રહેશે.

સુથરી વાસી, નિયાણી બહેનો તેમજ ચાતુર્માસાર્થે પધારનાર આરાધકોને સહપરિવાર ચાતુર્માસ પ્રવેશે પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવી રહ્યા છીએ. આપશ્રી પધારી જિનશાસનની શોભા અચૂક વધારશોજી.



લિ. **શ્રી સુથરી જૈન સંઘ**
**ટ્રસ્ટીગણ તેમજ વ્યવસ્થાપક સમિતિના સર્વે સભ્યો**

।। સુથરી તીર્થમંડન શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમ: ।।

।।શાસનદેવી શ્રી ચક્રેશ્વરી માતાય નમ:।। ।। અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાય નમ: ।।



# શ્રી સુથરી જૈન સંઘ

દ્વારા આયોજિત

## શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાના દેવવિમાનતૂલ્ય જિનાલયની

# ૧૮૬માં ધ્વજારોહણે



## સ્નેહભર્યું આમંત્રણ

ૐ પુણ્યાહં !
પુણ્યાહં !!
પ્રિયંતામ્ !
પ્રિયંતામ્ !!

## ત્રયાન્હિકા મહોત્સવ

**વિ.સં. ૨૦૮૦, વૈશાખ સુદ-૬, સોમવાર, તા. ૧૩.૦૫.૨૦૨૪ થી વૈશાખ સુદ-૮, બુધવાર, તા. ૧૫.૦૫.૨૦૨૪**

**શુભ નિશ્રા:** સાહિત્ય દિવાકર, રાજસ્થાન દક્ષિણ દીપક, અચલગચ્છાધિપતિ, પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**ના શિષ્ય પ્રવચન પ્રભાવક, મધુર કંઠી, **પ.પૂ.મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા.**

**વિધિકાર અને સંગીતકાર:** **શ્રી નિકેશ દેઢીયા** અને સાથી કલાકારોના સથવારે

૧૮૬માં ધ્વજારોહણ ત્રયાન્હિકા મહોત્સવે પધારનાર ભાગ્યશાળી પરિવારોને રેલ્વે સેકન્ડ સ્લીપર ક્લાસ ટીકીટના લાભાર્થી પરિવાર **માતુશ્રી ઝવેરીબાઇ શામજી ખીંયશી દંડ પરિવાર**

| અભિષેક તથા ધ્વજારોહણનો લાભ | નકરો | આદેશ મેળવનાર લાભાર્થી પરિવારો |
|---|---|---|
| પ્રાચિન શ્રી અજિતનાથ દાદા (ગંભારો) | ૧૧,૦૦૦/- | શ્રી કારાણી પરિવાર |
| નૂતન શ્રી અજિતનાથ દાદા (ગંભારો) | ૧૧,૦૦૦/- | માતૃશ્રી હેમલત્તાબેન પ્રતાપ લોડાયા પરિવાર |
| શ્રી આદિનાથ દાદા (ગંભારો) | ૧૧,૦૦૦/- | શ્રી પંકજ રવિલાલ શાહ અને<br>અ.સૌ. સોનલ પંકજ રવિલાલ શાહ (ભુજ-ભૂજોડી) |
| શ્રી શાંતિનાથ દાદા (ગંભારો) | ૫,૦૦૦/- | માતૃશ્રી પુષ્પાબાઇ પુનશી લોડાયા<br>હસ્તે: શ્રી ભરત લોડાયા (દીગ્રસ) |
| શ્રી ધર્મનાથ દાદા (ગંભારો) | ૫,૦૦૦/- | માતૃશ્રી તેજબાઇ વિસનજી છેડા |
| શ્રી ચૌમુખજી દાદા (ગંભારો) તથા જ્ઞાનભંડારની ધ્વજા | ૫,૦૦૦/- | માતૃશ્રી સોનબાઇ કુંવરજી ખીમજી દંડ પરિવાર<br>હસ્તે: શ્રી કાર્તિક દંડ |
| શ્રી કુંથુનાથજી ૫-દેરી (ગંભારો) | ૧૧,૦૦૦/- | માતૃશ્રી લક્ષ્મીબાઇ રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર |
| શ્રી જીરાવલ્લા ચૌમુખજી (ગંભારો) | ૧૧,૦૦૦/- | શ્રી જેઠાલાલ પાશ્વીર ખોના પરિવાર |
| શ્રી સહસ્રકૂટ જિનમંદિર | ૫,૦૦૦/- | શ્રી પદમશી વિસનજી ધરમશી તથા નીતાબેન ધરમશી |
| શ્રી ચક્રેશ્વરી દેવી ધ્વજા | ૫,૦૦૦/- | શ્રી નિશાંત મણિલાલ સોની |
| શ્રી મહાકાળી દેવી ધ્વજા | ૫,૦૦૦/- | શ્રી પ્રદીપ નરશી પાસુ તથા કારાણી પરિવાર |
| દાદાવાડી શ્રીપૂંજ ધ્વજા | ૩,૦૦૦/- | શ્રીમતી નયનાબેન ગુલાબ છેડા હસ્તે: સુપુત્રીઓ<br>- ટીનલબેન, મીનલબેન, નેહલબેન, પૃથ્વીબેન |

## ૧૮૬ ધ્વજારોહણ ત્રયાન્હિકા મહોત્સવે સાધર્મિક ભક્તિના લાભ લેનારા લાભાર્થી પરિવારો

| પ્રથમ દિન | | સોમવાર, તા. ૧૩.૦૫.૨૦૨૪ |
|---|---|---|
| નવકારશી | ૨૨,૦૦૦/- | માતૃશ્રી તેજબાઇ વિશનજી છેડા |
| સાધર્મિક ભક્તિ | ૩૩,૦૦૦/- | શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર |
| ચા-પાણી | ૩,૦૦૦/- | શ્રી શાંતિલાલ લખમશી ધુલ્લા હસ્તે: શ્રી હાર્દિક શાંતિલાલ ધુલ્લા |
| ચૌવિહાર ભોજન | ૧૭,૦૦૦/- | પૂનમ ગ્રુપ |
| **દ્વિતીય દિન** | | **મંગળવાર, તા. ૧૪.૦૫.૨૦૨૪** |
| નવકારશી | ૨૨,૦૦૦/- | માતૃશ્રી હેમલત્તાબેન પ્રતાપ ગોવિંદજી લોડાયા (શાહ) |
| સાધર્મિક ભક્તિ | ૩૩,૦૦૦/- | માતૃશ્રી વિજયાબેન વેરશી મોતા પરિવાર |
| ચા-પાણી | ૩,૦૦૦/- | માતૃશ્રી હેમલત્તાબેન પ્રતાપ ગોવિંદજી લોડાયા (શાહ) |
| ચૌવિહાર ભોજન | ૧૭,૦૦૦/- | માતૃશ્રી કુંવરબાઇ વિસનજી માંયા મોતા પરિવાર |
| **તૃતીય દિન** | | **બુધવાર, તા. ૧૫.૦૫.૨૦૨૪** |
| નવકારશી | ૨૮,૦૦૦/- | માતૃશ્રી રંજનાબેન દિનેશચંદ્ર કુંવરજી આસારીયા સાયલા પરિવાર<br>માતૃશ્રી વિજયાબેન શામજી મુલજી ખોના પરિવાર (સંયુક્ત પરિવાર) |
| સાધર્મિક ભક્તિ | ૫૫,૦૦૦/- | શ્રી પોપટલાલ સાકરચંદ પરિવાર હસ્તે: શ્રી કિરણ પ્રેમચંદ શાહ (ચેન્નઇ) |
| ચા-પાણી | ૩,૦૦૦/- | શ્રી નિલેશ પ્રેમચંદ લાપસીયા (દલતુંગી) |
| ચૌવિહાર ભોજન | ૧૭,૦૦૦/- | શ્રી પંકજ રવિલાલ શાહ અને અ.સૌ. સોનલ પંકજ રવિલાલ શાહ<br>(ભુજ-વર્ધમાન નગર, ભૂજોડી) |

મૂળનાયક સિવાય દરેક દાદાના અભિષેક તથા ધ્વજારોહણનો આદેશ અપાયો છે. અભિષેક, ધ્વજારોહણ અને સાધર્મિક ભક્તિમાં લાભ લેનાર તમામ લાભાર્થી પરિવારોની ભૂરિ-ભૂરિ અનુમોદના.

શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાના **૧૮ અભિષેક** કરાવવાનો આદેશ **સોમવાર, તા. ૧૩.૦૫.૨૦૨૪**ના રોજ શ્રી સુથરી મહાતીર્થે રાત્રિ ભાવના દરમ્યાન અપાશે. **વિશેષ નોંધ:** અભિષેકના નકરા માટે ૧ (એક) થી વધારે ભાગ્યશાળીઓ હશે તો ગંભારાની ઘૃતઉછામણી કરવામાં આવશે.

**ગુરૂવાર, તા. ૧૬.૦૫.૨૦૨૪ શ્રી ભલારાદાદા દેવસ્થાનક - પીર ફરીયા-સુથરી સ્થાનકે ૮મો ધ્વજારોહણ** ઉજવવામાં આવશે. આપ સહુ સુથરીવાસીઓ, શ્રેષ્ઠિવર્યો વધુમાં વધુ ઉત્સાહથી જોડાઇ આંગણે આવેલા અવસરમાં ઉદારદિલથી જોડાઇ પુણ્યાનુંબંધી પુણ્યનું ઉપાર્જન કરી શકો છો.

**નોંધ: આપના આગમનની આગોતરી જાણ તેમજ ધ્વજારોહણે વિવિધ લાભ માટે**
**શ્રી સુથરી જૈન સંઘની પેઢી સંપર્ક નં. ૯૭૧૪૨૮૪૨૨૩,**
**શ્રી વર્ધમાન લોડાયા - ૯૮૩૩૫૮૫૨૮૦ ઉપર સંપર્ક કરવા નમ્ર વિનંતી.**
**સાધર્મિક ભક્તિના લાભની વિશેષ જાણકારી માટે સંપર્ક:**
**શ્રી ચિંતન દંડ - ૯૮૨૦૧૪૭૯૬૭, શ્રી કાર્તિક દંડ - ૯૮૨૧૩૩૬૮૩૩**

**શ્રી સુથરી જૈન સંઘ વતી ટ્રસ્ટીગણ તથા વ્યવસ્થાપક સમિતિના સર્વે સભ્યો**

# સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિના દિવ્યાંગ પાલક બનનાર દાતા દક્ષિણ ભારત એકમ




દિવ્યાંગજનો ભલે કુદરતની અપૂરતી કરૂણા પામી શારિરીક કે માનસિક અધૂરાશ ધરાવતા હોય પણ માનવજીવને જીવવાનો, આગળ વધવાનો અધિકાર છે. આપણી હૂંફથી તેઓ પોતાના શારિરીક, માનસિક પડકાર ઝિલવા સક્ષમ બને છે. જેથી નિયતી અને ઈશ્વરે આપેલા પડકારને તેઓ હસતા મુખે ઝીલી શકે છે.

જ્ઞાતિના દિવ્યાંગજનોની સંબાળ લેવા સતત કાર્યરત શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની દિવ્યાંગ સમિતિને રૂા.૧ લાખનું અનુદાન નોંધાવી દિવ્યાંગ પાલક તરીકે જોડાનારા દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલ જૈન એકમની ઉદારતાની હરખપૂર્વક નોંધ લઈ એકમના સૌ સભ્યોને ધન્યવાદ આપી હાર્દિક અભિનંદન સાથે ભરપૂર અનુમોદના કરે છે.

# સ્વાભિમાન સમિતિની ધન્વંતરિ યોજનાના સમર્થક દાતાની અનુમોદના




શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની સ્વાભિમાન સમિતિ જ્ઞાતિના વડીલ વરિષ્ઠજનોની કાળજીને સંભાળ કરવા માટે પ્રવૃત્તિઓનું સફળ રીતે સંચાલન કરે છે. જેમાં જ્ઞાતિના ઉદાર દિલ દાતાઓ ધરખમ સમર્થની આપી સહયોગી બની રહે છે.

સમાન ધર્મવાળાને સાધર્મિક કહેવાય છે. વયશ્રેષ્ઠી વડીલો જ્ઞાતિ માટે વડલા છે જે મીઠી છાંય આપે છે. તેઓ સકુશળ અને હેમખેમ રહે જેથી જ્ઞાતિ સમાજને સદાય દિશાદોર આપતા રહે. આવા વડીલોજનોની મદદ કાજે રૂા.૧ લાખનું અમૂલ્ય અનુદાન આપી. દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલ જૈન એકમ એ ધન્વંતરિ સમર્થક તરીકે નોંધણી કરાવી છે. પરગજુ ભાવના ધરાવી ઈતરનો વિચાર મનમાં ધરાવનારા દક્ષિણ ભારત એકમના પ્રત્યે જણનું સ્વાભિમાન સમિતિ અનુમોદના કરે છે

# સંજીવની રજત પેટ્રન થનારા શ્રી ક.દ.ઓ.જૈન મહાજન તેરાની અનુમોદના

શ્રી સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની જ્ઞાતિજનો માટેની આકસ્મિક આપદામાં રાહત આપી સહાય કરતી સંજીવની યોજનાનું કાર્ય સફળ રીતે દાતાઓના હૈયે વસેલું છે. દાતાઓની મદદ ભંડોળથી આજ સુધી ૧૩૮ જેટલા અરજીઓનો સફળ અને તાત્કાલિક નિકાલ કરી શકાયું છે. સંજીવની સહાય યોજનાની વિવિધ પેટ્રન યોજનામાં પોતાના સ્વૈચ્છિક યોગદાન નોંધાવી પેટ્રન તરીકે નોંધણી કરાવી શકે છે.

રૂા.૨૫ હજારના ઉદાર અનુદાન આપી શ્રી ક.દ. ઓ.જૈન જ્ઞાતિ મહાજન તેરા એ જ્ઞાતિજનોની ભલાઈ માટે મનુષ્યનો ધર્મ પરોપકાર કરવાનો છે એ નીતિ અનુસાર સંજીવની સિલ્વર પેટ્રન તરીકે જોડાયા છે. આ ઉદાર ભાવનાને મોકળે મને બિરદાવી અનુમોદના કરીએ છીએ.







## સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા એક દિવસીય દિવ્યાંગ પર્યટન તીર્થયાત્રાનું આયોજન


શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા જ્ઞાતિના દિવ્યાંગજનો માટે તા.૨૮ માર્ચ ગુરૂવારના એક દિવસીય પર્યટન કમ તીર્થયાત્રાનું આયોજન લોનાવાલા માટેનું કરાયું છે. જેમાં જેડાવા ઈચ્છુક દિવ્યાંગો તેમના વાલીઓ સાથે નીનાબેન સાયલા-૯૦૨૨૮૭૬૭૧૩ પાસે વહેલી તકે નામ નોંધાવે. અન્ય વિગત ટૂંક સમયમાં અપાશે.

# શ્રી ચંદ્રેશ વીરચંદ છેડાની છત્તીસગઢ રાજ્ય બાલ કલ્યાણ પરિષદના મહાસચિવ પદે નિમણુંક કરાઈ



શ્રી છત્તીસગઢ ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન રાયપુરના પ્રમુખ તથા શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાળ જૈન મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ચંદ્રેશ વીરચંદ શાહ-છેડા હાલ રાયપુર, કચ્છ સુજાપુરની વરણી છત્તીસગઢ રાજ્ય સરકાર દ્વારા શ્રી છત્તીસગઢ રાજ્ય બાલ કલ્યાણ પરિષદના મહાસચિવ તરીકે કરી છે. આ સન્માનિત પદે પસંદગી થવા માટે હાર્દિક અભિનંદન સાથે સમાજ કલ્યાણના કાર્યો કરી જ્ઞાતિનું નામ ગૌરવાક્તિ કરો એ શુભેચ્છા.


# ભાવભીની શ્રદ્ધાંજલિ



**હિરાચંદભાઈ લોડાયા**
તા.૧૭ માર્ચ (ઉ.૮૦)
વારાપધર-ડોંબિવલી



**વિશનજીભાઈ ધરમશી**
તા.૧૯ માર્ચ (ઉ.૯૮)
સુથરી-બેંગલોર



**ધનલક્ષ્મીબાઈ નાગડા**
તા.૧૯ માર્ચ (ઉ.૭૪)
રંગપુર-દેવલાલી



**હીરાલાલભાઈ છેડા**
તા.૨૦ માર્ચ (ઉ.૭૩)
નલીયા-સુરત



**હીરાચંદભાઈ ધરમશી**
તા.૨૨ માર્ચ (ઉ.૭૪)
જસાપર-વડોદરા

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

## જ્ઞાતિમૈયામાં ડિજીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા





નૈસર્ગિક વાતાવરણમાં
શ્રી પાર્શ્વનાથ દેરાસર
તથા 6 નંબર નાકાની સામેની ગલીમાં,
શ્રી વિમલનાથજી દેરાસર, અનંત આરોગ્ય
ધામથી માત્ર પાંચ મિનિટના અંતરે,
ગુજરાતી પ્રતિષ્ઠિત બિલ્ડર દ્વારા
અંડર કન્સ્ટ્રક્શન પ્રોજેક્ટ
પઝેશન ૧૮ મહિનામાં : સૌભાગ્ય નગર

બુકિંગ માટે-પરેશ રાયચંદ શામજી ધરમશી
99 30 80 39 59 / 99 30 10 60 54

ફ્રીઝ, વોશિંગ મશીન, માઈક્રોવેવ, ચીમની, ડીશ વોશર, ડ્રાયર



દરેક પ્રકારના ફ્રીઝ, વોશિંગ મશીન, માઈક્રોવેવ, ડ્રાયર, ચીમની, ડીશ વોશર, ગેસ હોબ

રિપેર અને સર્વિસ માટે

વિઝિટ ચાર્જ ૩૦૦/-

સચીન છેડા
9320982123
9869126381



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● કચ્છ કુળદેવીના સ્થાનકે વર્ષે લાખો શ્રધ્ધાળુઓ કઠિન પદયાત્રા કરી આવતા હોય છે. માતાના મઢથી ૧૪૫૦ કિ.મી. દૂર મહારાષ્ટ્ર રાજ્યની સરહદ પર આવેલા કુંડાળ ગામેથી કઠિન પદયાત્રા કરી મૂળ કચ્છીઓ બાબુભાઈ રાજાભાઈ રૂડાણી, તેમના પત્ની મીનાબેન, સહપદયાત્રી રતિલાલ ખેતાણી, મંજુલાબેન ખેતાણી, દેવજી રૂડાણી, હિરાલાલ દિવાણીનો પદયાત્રા સંઘ નિર્વિઘ્ને પહોંચ્યો ત્યારે માતાના મઢ પાટીદાર સમાજ દ્વારા પદયાત્રીઓનું સન્માન કરાયું. ૧૪૫૦ કિ.મી.ની પદયાત્રા ૪૪ દિવસમાં કાપી હતી.

● કચ્છી લેવા પટેલ સમાજ દ્વારા ભુજના આંગણે ત્રિદિવસીય અસ્મિતા પર્વ યોજાયો. જેમાં ટપકેશ્વરી રોડ સ્થિત ૪૭ એકરમાં પથરાયેલા શૈક્ષણિક સંકુલનું લોકાપર્ણ કરાયું. આ સંકુલ માટે ૧૫૦ કરોડ સહિત એક વર્ષમાં શિક્ષણ અને આરોગ્ય પ્રવૃત્તિ માટે રૂા.૫૦૦ કરોડનું દાન આપનારા કેશવલાલ પ્રેમજી ભુડિયા પરિવારનો જય જયકાર થયો હતો. મહાદાનના દાતા ભુડિયા પરિવારના હસુભાઈએ જરૂરતમંદ લોકોની અને સંતો, સાંખ્યયોગી બહેનોની દવા-સર્જરી-સારવારનો સંપૂર્ણ ખર્ચ પોતે ઉઠાવશે એવી જાહેરાત કરી હતી.

● પચ્છમની ઓળખ સમા ઊંટની સંખ્યામાં ઉત્તરોત્તર ઘટાડાને પગલે ચિંતા ફેલાઈ છે. કચ્છનો પચ્છમ વિસ્તાર એ ઊંટ પાલન માટે આદર્શ વિસ્તાર મનાય છે. કાળા ડુંગર અને ગોરા ડુંગરના કુદરતી પરિસરમાં થતા ખેજડા, ખેર, દેશી બાવળ, બોરડી અને વિવિધ લતાવૃક્ષો ઊંટો માટે ઉત્તમ ખોરાક છે. કચ્છ ઊંટ ઉછેરક માલધારી સંગઠન દ્વારા થયેલ સર્વે અનુસાર ૨૦૨૦માં ઊંટડીની સંખ્યા ૫૦૦ જેટલી હતી જે આજે ૨૭૦ થી ૨૮૫ રહી છે.

● વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશના શ્રીમંત લોકોએ ગેસની સબસિડી છોડે તેવી અપીલ કરવામાં આવી હતી. આ અપીલને માન આપી કચ્છમાં ૨૦ હજારથી વધુ લોકોએ સ્વેચ્છાએ ગેસ સબસિડી લેવાનું છોડી દેશની વિકાસયાત્રામાં પોતાનું યથા યોગદાન આપ્યું છે. સત્તાવાર આંકડાઓ અનુસાર સબસીડી સ્વેચ્છાએ છોડનાર ગેસધારકોમાં અમદાવાદ અને સુરત મોખરે છે. એ બાદ વડોદરા, આણંદ, રાજકોટ, નવસારી અને વલસાડ પછી આઠમા ક્રમાંકે કચ્છ જિલ્લો છે. કચ્છમાં કુલ્લ ૩ લાખ ગેસધારકો છે. જિલ્લામાં અત્યારે ૨૦૨૫૮ લોકો એવા છે જે રાંધણ ગેસ પર મળતી સબસીડી લેતા નથી.

● ભુજની કે.કે.પટેલ હોસ્પિટલના દર્દીઓને એમ.આર.આઈ. કરાવવા માતુશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલમાં જવું પડતું હતું. આ મુશ્કેલી નિવારવા કાનજીભાઈ કુંવરજી વરસાણી કે.કે.સોલ્ટ નાઈરોબી, ઘનુબેન પરિવાર દ્વારા સાત કરોડની માતબર રકમ આરોગ્ય સેવા માટે જાહેર કરી હતી. આ સાથે કે.કે.પટેલ પરિવારના દાનનો આંકડો ૧૦૦ કરોડ નજીક પહોંચ્યો હતો. અત્યાર સુધી તેમના દ્વારા કચ્છ જિલ્લામાં ૭૦ કરોડ રૂપિયાનું દાન અપાઈ ચૂક્યું છે. ભુજની અધતન એવી કે.કે.હોસ્પિટલ બે વર્ષમાં જ રાજ્યના મેડિકલ જગતમાં સુવિધા અને આધુનિક સારવાર મશીનરીને લીધે મોખરાનું સ્થાન મેળવી લીધું છે. કે.કે.પટેલના પુત્રી હસ્મિતાબેન એ પણ પિતાની પ્રેરણાથી રૂા.૫૦ લાખનું અનુદાન જાહેર કર્યું હતું.

● લેવા પટેલ સમાજમાં ભણવા આવનારી દીકરીઓ ૨૫ વર્ષ સુધી માત્ર એક રૂા.ના ટોકન ફીમાં ભણશે તે માટે હસુભાઈ ભુડિયાની પ્રેરણાથી કેશવલાલ પ્રેમજી ભુડિયાએ રૂા.૧૫૦ કરોડનું મહાદાન જાહેર કર્યું. આમ ઉદાર ભાવથી અધધધ રકમ લાડલિયું માટે અર્પી દેવાઈ જે એક વિક્રમ સર્જક દાનની રકમ છે. કચ્છના સ્વામિનારાયણ મંદિરો, સત્સંગની કોઈપણ પ્રવૃત્તિ કે સમાજ સંચાલિત પ્રવૃત્તિઓ માટે કોઈપણ એક પરિવારે આપેલું આ સૌથી મોટું અને ઐતિહાસિક છે. હસુભાઈ ભુડિયાએ પોતાના સદ્ગત વડીલોના નામે પાંચ વર્ષમાં રૂા.૫૦૦ કરોડ દાન આપી ચૂક્યા છે.


DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA